## પ્રકરણ—૧૫

## નાયબ કમિશ્નર (આર.એન્ડ.ડી), વડોદરા.

### કાર્યો નક્કી કરવા માટે નક્કી કરેલા ધોરણો

૧૫.૬ વિવિધ પ્રવૃત્તિઓ/કાર્યક્રમો હાથ ધરવા માટે વિભાગે નક્કી કરેલ ધોરણોની વિગત.

| | | |
|---|---|---|
| ૧. | ઉત્પાદકીય સહાય | ખેતીના સાધનો/બળદ, બળદગાડુ, ગાય, ભેંસ વિગેરે ખરીદવા રૂા.૭૦૦૦/—ની મર્યાદામાં |
| ૨. | નોકરી | અસરગ્રસ્તોના બાળકો ધ્વારા નોકરી માટે અરજી કરવામાં આવતા તેની ચકાસણી કરી દરખાસ્ત નર્મદા નિગમને મોકલવામાં આવે છે. એજન્સી ધ્વારા નિર્ણય લેવામાં આવતો નથી. |
| ૩. | સ્વરોજગાર લક્ષી તાલીમ | એજન્સી કક્ષાએથી નક્કી થાય છે |
| ૪. | વસાહત સમિતિની રચના અને તેનું માળખું | એજન્સી કક્ષાએથી નક્કી થાય છે. |
| ૫. | પંચાયતી રાજ | નિયમો આધિન |
| ૬. | સામુહિક જુથ વિમા યોજના | વિસ્થાપિત કુટુંબ દીઠ ચાર સભ્યો સંખ્યામાં જુથ વિમા યોજના હેઠળ આવરી લેવામાં આવે છે. આકસ્મિક મૃત્યુના કિસ્સામાં. |
| ૭. | સ્વૈચ્છિક સંસ્થાઓ ધ્વારા | હાલ અમલમાં નથી. |
| ૮. | નિરેડસ સહાય અંગે એકસન પ્લાન | — |
| ૯. | મત્સ્યોધોગ | — |
| ૧૦. | ફાર્મસ કલબ | મેનેજર સોસ્યલ વર્ક ધ્વારા પુનઃવસવાટ એજન્સી, વડોદરા કક્ષાએ કાર્યવાહી કરવામાં આવે છે. |

## પ્રકરણ—૧૫

## કાર્યા કરવા માટે નકકી કરેલા ધોરણો

## કચેરીનું નામઃ નાયબ નિયામક, આરોગ્ય અને તબીબી સેલ, સરદાર સરોવર પુનઃવસવાટ એજન્સી, વડોદરા.

(૧) વસાહતોઓને વસાહત ખાતે ઉત્કૃષ્ઠ કક્ષાની આરોગ્ય સેવાઓ પુરી પાડવી.

(૨) વસાહતીઓને વસાહત ખાતે જ નિષ્ણાંત તબીબોની સેવાઓ ઉપલબ્ધ કરાવવી.

(૩) વસાહતીઓને નિઃશુલ્ક દવાઓ અને આકસ્મિક સંજોગોમાં નિઃશુલ્ક વાહન વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવી.

(૪) વસાહતોમાં બાળકો તથા સગર્ભા માતાઓને પુરક પોષણની વ્યવસ્થા માટે હાલમાં ૫૦ રેગ્યુલર અને ૧૦૨ સબ સેન્ટર ચાલુ છે.

(૫) તમામ આરોગ્યલક્ષી રાષ્ટ્રીય કાર્યક્રમોનો તથા યોજનાનો વસાહતીઓને લાભ અપાવવો..

(૬) વસાહતીઓને પીવાના પાણીની ગુણવત્તાની દેખરેખ રાખવી.

(૭) વસાહતીઓનું આરોગ્ય જળવાઈ રહે, તે માટે આરોગ્ય શિક્ષણ આપવું.

(૮) કરેલ કામગીરીનું સમયસર રીપોર્ટીગ કરવું.

(૯) ૨૦ મોબાઈલ યુનિટો તથા મોબાઈલ હોસ્પિટલના સર્વિસીગ, રીપેરીંગ તથા ઈન્સ્યોરન્સ વિગેરે અંગેની કામગીરી સમયસર કરાવીને કાર્યાન્વિત રાખવા.

(૧૦) વસાહતીઓની આરોગ્યને લગતી ફરિયાદોનું નિરાકરણ કરવું.

(૧૧) આરોગ્ય ક્ષેત્રએ સંકળાયેલ અન્ય વિભાગો સાથે સંકલન રાખવું.

# પ્રકરણ – ૧૫

## કાર્યો કરવા માટે નકકી કરેલા ધોરણો.

## કચેરીનું નામઃ– નાયબ નિયામક (ખેતી), સરદાર સરોવર પુનઃવસવાટ એજન્સી, વડોદરા.

૧. કમિશ્નરશ્રી (પુનઃવસવાટ) / સંયુકત કમિશ્નરશ્રી (પુનઃવસવાટ)/નાયબ કમિશ્નરશ્રી (આર એન્ડ ડી) ના માર્ગદર્શન હેઠળ કામગીરી કરવામાં આવે છે. ખેતી વિષયક કાર્યક્રમો હાથ ધરવા માટેના ચોકકસ કોઈ ધોરણો નકકી કરવામાં આવેલ નથી.

૨. અસરગ્રસ્તો ધ્વારા જી.આર.એ. સમક્ષ કરેલ ખેતીને લગત રજુઆતોના નિકાલની કામગીરી કરવામાં આવે છે. તે માટે મદદનીશ કમિશ્નરશ્રીઓ/ નાયબ કમિશ્નરશ્રીઓ તરફથી અસરગ્રસ્તોના ગ્રીવાન્સની અરજી અત્રેની કચેરીએ મળ્યેથી ખેતી અધિકારીશ્રીઓ ધ્વારા સંબંધિત વસાહતમાં સ્થળ નિરીક્ષણ કરાવવામાં આવે છે.સ્થળ નિરીક્ષણ દરમ્યાન જરૂર જણાય તો તાંત્રિક પાસાઓ ધ્યાને

લઈ જમીનને ખેતી લાયક બનાવવા સુધારણાના કામોની ભલામણ કરવામાં આવે છે. તથા જરૂર જણાય તો જમીનના નમુનાઓ મેળવીને જમીનની ચકાસણી ગુજરાત રાજય ફર્ટિલાઈઝર કંપની લીમીટેડ વડોદરાની પ્રયોગશાળા મારફત કરાવવામાં આવે છે. મેળવેલ સ્થળ નિરીક્ષણ અહેવાલ જમીનના પૃથકરણનો અહેવાલ આગળની કાર્યવાહી માટે સંબંધિત મદદનીશ કમિશ્નરશ્રોઓ/ નાયબ કમિશ્નરશ્રીઓને મોકલી આપવામાં આવે છે.

૩. નાયબ કમિશ્નરશ્રી (આર એન્ડ ડી) ધ્વારા પ્રોગ્રામ નકકી કર્યા પ્રમાણે જે તે વસાહતોમાં સંકલિત વિકાસ કાર્યક્રમ અંતગર્ત ખેડુત તાલીમ શિબિર રાખી ખેતી વિષયક માર્ગદર્શન આપવામાં આવે છે.

૪. તાબાના ખેતી અધિકારીશ્રીઓ મારફતે જે તે વસાહતમાં વન ડે કેમ્પ રાખી હાજર રહેલ અસરગ્રસ્તોને ખેતીની તાંત્રિક માહિતી તથા માર્ગદર્શન આપવામાં આવે છે.